BUSINESS મિત્ર

ઇરાન-અમેરિકા વચ્ચેનો તણાવ હળવો થતાં ક્રુડ ઓઇલમાં વધુ નરમાઇ

સતત ચોથા દિવસે શેરબજારમાં મજબૂતાઇ, નિફ્ટી 24750ની ઉપર બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 3: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા વિશ્વયુદ્ધ પછી ઈરાન પર સૌથી મોટા સૈન્ય હુમલાને મુલતવી રાખવાની જાહેરાત કરી ત્યારે બજારમાં ખળભળાટ મચી ગયો હતો. ક્રુડ ઓઈલના નરમાશથી તેને વધુ ટેકનો મળ્યો, જેથી ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 800 પોઈન્ટનો ઉછાળો જોવાયો હતો. જ્યારે નિફ્ટી 24750 પોઈન્ટની સપાટી કુદાવી હતી. જોકે, આજે શેરબજારમાં તેજીનો માહોલ જોવાયો હતો અને ઈન્ટ્રાડેની ઉંચાઈએ બંધ રહ્યા હતા. બ્રોડર માર્કેટમાં સુધારા સાથે બંધ રહ્યા હતા.

આજે શેરબજારમાં હેવીવેઈટ શેરોમાં પસંદગીના શેરોમાં ઉછાળો અને એફઆઈઆઈનો પ્રવાહની સાથે ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડાને મજબૂતાઈ જોવા મળી હતી.

આજે 3 ઓગસ્ટથી અગાઉ જાહેર થયા તે અનુસાર બજાર માટે નવી શરૂઆત હતી. કારણ કે ટ્રેડિંગ આજની તુલનામાં 10 મીનિટ વધુ શરૂ થયું હતું. સેબીના નવા ટ્રેડિંગ ફ્રેમવર્ક હેઠળ એફ એન્ડ ઓ ટ્રેડિંગ સમય 100 મીનિટ વધીને 3.40 કલાક થયો છે, જ્યારે સવારનો સમય પહેલા જેવો જ રહેશે.

સેકટર મુજબ આઈટી સેકટરે આજે બજારને મોટો ટેકો આપ્યો હતો અને તેના નિફ્ટી ઈન્ડેક્સમાં 3 ટકાથી વધુનો મજબૂત દેખાવ થયો હતો. તેને ઈન્ડેક્સના હેવીવેઈટ પ્રાઈવેટ બેન્કીગ શેરો દ્વારા ટેકો મળ્યો હતો, જેમાં નિફ્ટી ઈન્ડેક્સ આશરે 2 ટકા વધ્યો હતો. નિફ્ટી મેટલ અને નિફ્ટી એફએમસી ઈન્ડેક્સ 1.5 ટકાથી વધુ ઉછળ્યો હતો, જ્યારે ઓટો, પીએસયુ બેન્ક અને રિયલ્ટી ઈન્ડેક્સ અને એક-એક ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે.

ટ્રેડિંગ દરમ્યાન બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 487 લાખ કરોડ હતું, જેમાં 3 લાખ કરોડ રૂપિયાના વધારા સાથે રૂ. 490 કરોડ પર પહોંચ્યું છે. ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 544.39 પોઈન્ટ એટલે કે 0.7 ટકા વધીને 78639.03 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78895 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78497 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 390.70 પોઈન્ટ એટલે કે 1.6 ટકા વધીને 247650 પોઈન્ટની સપાટી કુદાવીને 24774.30 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24774 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24515 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 983.10 પોઈન્ટ એટલે કે 1.72 ટકા ઉછળીને 58000 પોઈન્ટની સપાટી કુદાવીને 58247.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે અર્બન કંપની લિ.માં 35.38 ગણા, ક્લીન સાયન્સ એન્ડ ટેકનોમાં 14.99 ગણા, બ્લુડાર્ટ એક્સપ્રેસમાં 8.53 ગણા, મુથુટ ફાઈનાન્સમાં 6.4 ગણા અને હિન્દાલ્કો ઈનડ્.માં 4.49 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે અર્બન કંપનીમાં 66.37 ગણા, બ્લુડાર્ટ એક્સપ્રેસમાં 26.42 ગણા, ક્લીન સાયન્સ એન્ડ ટેનકોમાં 17.77 ગણા, મુથુટ ફાઈનાન્સમાં 10.26 ગણા અને એપીએલ અપોલો ટયુબ્સમાં 9.51 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મજબૂતાઈ રહી હતી, બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.73 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.32 ટકા ઉછળ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ સુધર્યો હતો. બીએસઈ ખાતે 2833 શેરો વધ્યા હતા, જ્યારે 1558 શેરો ઘટ્યા હતા અને 204 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 3.28 ટકા વધ્યા હતા. જેના પગલે એલટીએમ, ટીસીએસ, ઈન્ફોસીસ, એમફાસીસ, વિપ્રો, કોફોર્જ, ઓરેકલ ફાઈ. સર્વિસીસ સોફ્ટવેર, એચસીએલ ટેકનો ઉછળ્યો હતો.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 411 પોઈન્ટ ઉછળ્યો હોવાથી અમેરિકન બજારો મજબૂત ખુલવાના સંકેત આપી રહ્યા છે. યુએસ0ઈરાન વાટાઘાટોના અહેવાલોને કારણે ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હોવાથી યુરોપિયન બજારોમાં વધારો જોવાયો હતો, જેણે રોકાણકારોના સેન્ટિમેન્ટને વેગ આપ્યો હતો. રોકાણકારો જુલાઈ જોબ્સ રિપોર્ટની રાહ જોતા હતા અને ઓગસ્ટ ટ્રેડિંગ શરૂ કરવા માટે કમાણીના બીજા વ્યસ્ત સપ્તાહની રાહ જોતા એશિયન બજારો મોટાભાગે નીચા બંધ થયા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે ઈરાન પરના આયોજિત હુમલાને રદ કર્યા પછી ક્રુડના ભાવમાં ઘટાડો થયો હતો, જે સંભવિત પુરવઠા વિક્ષેપની ચિંતાને હળવી કરે છે. અગાઉના મીડિયા અહેવાલોએ સુચવ્યું હતું કે, યુએસ વાટાઘાટો દ્વારા સમાધાનની આશાઓ ઓછી થઈ હોવાથી હડતાલથી નવી લહેરની તૈયારી કરી રહ્યું છે, જેના કારણે ઉર્જાના ભાવમાં તીવ્ર વધારો થયો છે. ઈરાન-અમેરિકા વચ્ચે તણાવ ઘટતા ઓકટોબર 2026ના સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 4.46 ડોલર ઘટીને 83.47ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે મોટો ટેક કંપનીઓ મોટાભાગે કમાણી પર વિતરીત કરે છે, ત્યારે રોકાણકારો કમાણી વૃદ્ધિના સ્પષ્ટ પુરાવા વિના વધતા એઆઈ સંબંધિત ખર્ચને અવગણવા માટે ઓછા તૈયાર થઈ રહ્યા છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.27 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક 1.12 ટકા અને ડેક્સ 1.41 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.95 ટકા, સ્ટ્રેઈટસ 0.29 ટકા, કોસ્પી 5.40 ટકા, જકાર્તા 0.11 ટકા અને શાંઘાઈ 0.59 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 048 ટકા અને તાઈવાન 0.61 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો નજીવો સુધર્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 3: ક્રુડ ઓઇલના ભાવ ઘટવાના કારણે ભારતીય ચલણમાં સુધારો આગળ વધતો જોવા મળ્યો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રિપયો 6 પૈસા સુધરીને 95.34ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.40ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.58, પાઉન્ડ 128.83, કેનેડિયન ડોલર 68.10, ઓસ્ટ્રેલિયન ડોલર 66.73, જાપાનીઝ યેન 0.6080 અને સીંગાપોર ડોલર 74.48ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.34 રૂ.
યુરો	109.58 રૂ.
પાઉન્ડ	128.83 રૂ.
યેન	0.6081 રૂ.

સેન્સેક્સ	544.39	78639.03
નિફ્ટી	390.70	24774.30
બેન્ક નિફ્ટી	983.10	58247.95

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ગ્રાસીમ ઇન્ડ.	5.13	3260.00
ટીસીએસ	4.57	2473.70
ઇન્ટરગ્લોબ	4.43	5400.00
ઇન્ફોસીસ	4.42	1180.00
શ્રીરામ ફાઇ.	4.16	1090.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અપોલો હોસ્પિટલ	1.53	8820.00
સન ફાર્મા	1.36	1963.50
મારૂતિ સુઝુકી	0.59	14150.00
ઓએનજીસી	0.22	242.00
ટેક મહિન્દ્રા	0.14	1649.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	4.22	5389.00
ગ્રાસીમ ઇન્ડ.	4.57	2473.70
ઇન્ટરગ્લોબ	4.43	5400.00
ઇન્ફોસીસ	4.42	1180.00
શ્રીરમ ફાઇ.	4.16	1090.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અપોલો હોસ્પિટલ	1.53	8820.00
સન ફાર્મા	1.36	1963.50
મારૂતિ સુઝુકી	0.59	14150.00
ઓએનજીસી	0.22	242.00
ટેક મહિન્દ્રા	0.14	1649.00

બ્રિજભૂષણસિંહ જાતીય સતામણીના કેસમાં પુરાવાના અભાવે નિર્દોષ છૂટી ગયા છે

ન્યાયતંત્રનો સિદ્ધાંત છે કે '' સો અપરાધી છૂટી જાય તે ચાલે, પણ એક નિર્દોષને સજા થવી જોઈએ નહીં.'' ભારતીય જનતા પાર્ટીના નેતા અને રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણસિંહને દિલ્હીની એક કોર્ટે મહિલા કુસ્તીબાજોની જાતીય સતામણીના કેસમાંથી પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા છે, તેમાં પણ આ સિદ્ધાંત કામ કરી રહ્યો હોવાનું સમજાય છે. કોઈ પણ વ્યક્તિ ગુનો કરે એટલા માત્રથી તેને અદાલતમાં સજા થતી નથી. અદાલતના ખટલામાં સાક્ષીઓ અને પુરાવાઓ વડે આ ગુનો પુરવાર પણ કરવો પડે છે. મહિલા કુસ્તીબાજો આ સાક્ષી અને પુરાવાની બાબતમાં નબળાં પુરવાર થયાં અથવા કહી શકાય કે પોલીસ તંત્ર સાક્ષી અને પુરાવા રજૂ કરવામાં નબળું પુરવાર થયું, માટે અદાલતને બ્રિજભૂષણ શરણસિંહને નિર્દોષ જાહેર કરવાની ફરજ પડી છે. કોર્ટના નિર્ણય પછી કુસ્તીબાજ બજરંગ પુનિયાએ કહ્યું કે આજનો નિર્ણય સ્પષ્ટ કરે છે કે તેમની પાસે બદ્ધી શક્તિ છે. તેમણે સાક્ષીઓને ફોડી નાખ્યા હતા.

બ્રિજભૂષણ શરણસિંહ પર મહિલા કુસ્તીબાજોનું જાતીય શોષણ કરવાનો આરોપ લગાવતાં સાક્ષી મલિક, વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા સહિત અનેક ખેલાડીઓએ દિલ્હીના જંતર-મંતર પર ઘણાં અઠવાડિયાં સુધી વિરોધ પ્રદર્શન કર્યું હતું અને તેમની ધરપકડની માંગણી કરી હતી. એપ્રિલ ૨૦૨૩ માં મહિલા કુસ્તીબાજોએ બ્રિજભૂષણ શરણસિંહ અને રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ સેક્રેટરી વિનોદ તોમર વિરુદ્ધ FIR નોંધાવી હતી. મે ૨૦૨૪ માં, કોર્ટે બ્રિજભૂષણ શરણસિંહ અને વિનોદ તોમર સામે આરોપો ઘડ્યા હતા. બ્રિજભૂષણ શરણસિંહ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪ (મહિલાની નમ્રતાનું અપમાન કરવું) અને ૩૫૪A (જાતીય સતામણી) હેઠળ આરોપો ઘડવામાં આવ્યા હતા. છ મહિલા કુસ્તીબાજોમાંથી પાંચની ફરિયાદોના આધારે આ આરોપો દાખલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિનોદ તોમર સામે ગુનાહિત ધાકધમકીની કલમો પણ લગાવવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૩ થી તેમને આ કેસમાં જામીન મળી ગયા હતા. સરકારની તપાસ એજન્સીએ આ કેસમાં તેમની ધરપકડ કરી ન હતી. અગાઉ એક મહિલા કુસ્તીબાજની ફરિયાદના કેસમાં કોર્ટે બ્રિજભૂષણસિંહને મુક્ત કર્યા હતા.

બ્રિજભૂષણ શરણસિંહ સામે જાતીય સતામણીના આરોપો પહેલી વાર જાન્યુઆરી ૨૦૨૩માં સામે આવ્યા હતા જ્યારે વિનેશ ફોગાટ, સાક્ષી મલિક અને બજરંગ પુનિયાએ દિલ્હીના જંતર-મંતર પર વિરોધ કર્યો હતો. વિરોધના થોડા મહિનાઓ પછી મહિલા કુસ્તીબાજોએ આરોપ લગાવ્યો કે તેઓએ દિલ્હીના કનોટ પ્લેસ પોલીસ સ્ટેશનમાં બ્રિજભૂષણ શરણસિંહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે FIR નોંધી ન હતી. આ પછી વિનેશ ફોગાટ સહિત ઘણી મહિલા કુસ્તીબાજોએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી અને બ્રિજભૂષણ શરણસિંહ વિરુદ્ધ FIR નોંધવાની માંગણી કરી હતી. ત્યાર બાદ થયેલી સુનાવણી દરમિયાન દિલ્હી પોલીસે કહ્યું હતું કે તેઓ આ મામલે FIR નોંધી રહ્યા છે. હવે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આ કેસમાં બ્રિજભૂષણ અને વિનોદ તોમરને નિર્દોષ જાહેર કર્યા છે. આ નિર્ણય ૨ જુલાઈ, ૨૦૨૬ ના રોજ દલીલો પૂર્ણ થયા પછી આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૩ માં શરૂ થયેલા આ કેસમાં ૧,૧૩૩ દિવસમાં ૧૨૭ વાર સુનાવણી થઈ ચૂકી હતી. બ્રિજભૂષણ શરણસિંહે કોર્ટના નિર્ણય પર કહ્યું કે પહેલા જ દિવસે મેં કહ્યું હતું કે જો મારી વિરુદ્ધ કોઈ નિર્ણય આવશે તો હું મારી જાતને ફાંસી આપીશ. મને પૂરો વિશ્વાસ હતો કે મારી સાથે ન્યાય થશે. અમે તે જુનિયર ખેલાડીઓ માટે લડ્યા હતા, જેમના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું હતું. મને ખુશી છે કે અમે તે લડાઈ પણ જીતી ગયા છીએ.

અગાઉ બ્રિજભૂષણ શરણસિંહ POCSO ના કેસમાં પણ નિર્દોષ છૂટી ગયા તેમાં પણ ફરિયાદીના પિતા દ્વારા ફરિયાદ જ પાછી લેવામાં આવી તે મુખ્ય કારણ બન્યું હતું. બ્રિજભૂષણ શરણસિંહ પર મહિલા કુસ્તીબાજોએ કુસ્તી સંગઠનના પ્રમુખ હતા ત્યારે તેમના પર જાતીય શોષણનો આરોપ લગાવ્યો હતો. જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ (POCSO) એ એક કાયદો છે જે સગીરોના જાતીય શોષણ માટે સજાની જોગવાઈ કરે છે. ૨૦૨૩ માં એક સગીર પહેલવાનના પિતાએ પોલીસમાં એફઆઈઆર નોંધાવી હતી, જેમાં બ્રિજભૂષણ શરણસિંહ પર જાતીય શોષણનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જો કે, FIR ના થોડા દિવસો પછી સગીર પહેલવાનના પિતાએ પોતાનું નિવેદન બદલી નાખ્યું હતું. પિતાએ કહ્યું કે તેમણે અને તેમની પુત્રીએ બ્રિજભૂષણ સામે કેટલાક ખોટા આરોપો લગાવ્યા હતા. સગીર પહેલવાનના પિતાના નિવેદનને કારણે બ્રિજભૂષણ શરણસિંહ સામેનો કેસ નબળો પડી ગયો હતો. દિલ્હી પોલીસે જૂન ૨૦૨૩ માં કોર્ટમાં એક અહેવાલ રજૂ કર્યો, જેમાં કહેવામાં આવ્યું કે કેસ રદ થવો જોઈએ. પોલીસ અધિકારીએ કહ્યું કે તેમણે અન્ય કુસ્તીબાજો અને કોચની પણ પૂછપરછ કરી હતી અને આરોપોને સમર્થન આપવા માટે કોઈ પુરાવા મળ્યા નથી. ઓગસ્ટ ૨૦૨૩ માં, કોર્ટે પહેલવાન અને તેના પિતાનાં નિવેદનો નોંધ્યાં હતાં. ત્યાર બાદ વિવિધ કારણોસર કેસ વિલંબિત થતો રહ્યો હતો. રદ્ મેના રોજ, વકીલોની દલીલો સાંભળ્યા પછી ન્યાયાધીશે પોલીસનો રિપોર્ટ સ્વીકાર્યો હતો અને કેસ બંધ કરી દીધો હતો.

બ્રિજભૂષણ શરણસિંહને વિદ્યાર્થીકાળથી જ કુસ્તીનો શોખ હતો. તેમણે ગોંડામાં કુસ્તી સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું અને તેનો ખર્ચ પોતે ઉઠાવ્યો હતો. તેમણે પોતાના ખર્ચે વિજેતા કુસ્તીબાજોને ઇનામો પણ આપ્યાં હતાં. તેઓ VHP નેતા અશોક સિંઘલના ખૂબ નજીકના માનવામાં આવતા હતા. ૧૯૮૫ની શરૂઆતમાં જ રામ મંદિર ચળવળમાં બ્રિજભૂષણ શરણસિંહનું નામ સામે આવ્યું હતું. ૧૯૯૨માં તેમનું નામ બાબરી મસ્જિદ તોડી પાડવાના કેસમાં પણ આવ્યું હતું. સપ્ટેમ્બર ૨૦૨૦માં તેમને બધા આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે ગોંડાથી ૪૫ કિ.મી. દૂર નવાબગંજમાં નંદિની નગર કોલેજની સ્થાપના કરી હતી. નંદિની નગર કોલેજની સ્થાપના પછી તેમનું સામ્રાજ્ય વિસ્તર્યું હતું. તેમણે શાળાઓ, કોલેજો, હોટલો અને હોસ્પિટલો ખોલી હતી. તેઓ ગોંડા, બલરામપુર, બહરાઇચ અને શ્રાવસ્તીમાં ૫૦ થી વધુ કોલેજો સાથે જોડાયેલા છે. પરિણામે, આ મતવિસ્તારોમાં તેમનો પ્રભાવ નોંધપાત્ર માનવામાં આવે છે. બ્રિજભૂષણ શરણસિંહ ભાજપની ટિકિટ પર છ વખત અને સમાજવાદી પાર્ટીની ટિકિટ પર એક વખત લોકસભાની ચૂંટણી જીતી ચૂક્યા હતા. ૨૦૧૧માં તેઓ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બન્યા હતા. ૨૦૨૩માં જાતીય સતામણીનો આરોપ લાગ્યા બાદ તેમને પ્રમુખ તરીકે રાજીનામું આપવાની ફરજ પડી હતી. તેમને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં રેસલરોના વિવાદને કારણે ભાજપની ટિકિટ નહોતી મળી પણ તેમના પુત્ર કરણભૂષણસિંહ ભાજપની ટિકિટ પર તેમના પિતાની કૈસરગંજ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા અને જીતી ગયા હતા.

આ કેસ હાલ પૂરતો સમાપ્ત થઈ ગયો છે. જો કોર્ટ, પોલીસ અથવા પીડિતાને લાગે કે ન્યાય મળ્યો નથી, તો તેમની પાસે ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે અપીલ કરવાનો ઉપાય છે. આ સમજવા માટે, ફોજદારી કાયદાના કેટલાક સિદ્ધાંતોને સમજવા મહત્ત્વપૂર્ણ છે. એક સિદ્ધાંત એવો છે કે જો કોઈ ગુનો કરવામાં આવ્યો હોય, તો તે સમય જતાં સમાપ્ત થતો નથી. ગુનેગારને સજા થવી જ જોઈએ. એવી પણ જોગવાઈ છે કે જો કોર્ટે ક્લોઝર રિપોર્ટને મંજૂરી આપી દીધી હોય, તો પણ કેસ ફરીથી ખોલી શકાય છે અને તપાસ હાથ ધરી શકાય છે. જો કે, એ પણ કાળજી લેવામાં આવે છે કે પોલીસ કોઈ પણ ગુનાની તપાસનો હવાલો આપીને કોઈ પણ વ્યક્તિને બિનજરૂરી રીતે હેરાન ન કરે. સુપ્રીમ કોર્ટે તેના ઘણા નિર્ણયોમાં કહ્યું છે કે કાનૂની પ્રક્રિયાનો હેતુ સત્ય સુધી પહોંચવાનો છે. આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જો પોલીસે કેસ રદ કરવા માટે રિપોર્ટ દાખલ કર્યો હોય અને તે રિપોર્ટ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવ્યો હોય, તો પણ જો પોલીસને કોઈ નવા પુરાવા મળે, તો પણ તેઓ પોતાની રીતે કેસની વધુ તપાસ કરી શકે છે. વધુમાં, જો કોઈ નવા પુરાવા સામે આવે તો કોર્ટને પોલીસને વધુ તપાસ કરવાનો આદેશ આપવાની પણ સત્તા છે. જો કોઈ પીડિતા પોલીસના અહેવાલ સામે વાંધો ઉઠાવે તો તે કોર્ટમાં અરજી પણ દાખલ કરી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ

▪ સંજય વોરા ▪

અગાઉ બ્રિજભૂષણ શરણસિંહ POCSO ના કેસમાં પણ નિર્દોષ છૂટી ગયા તેમાં પણ સગીર ફરિયાદીના પિતા દ્વારા ફરિયાદ પાછી લેવામાં આવી તે મુખ્ય કારણ બન્યું હતું

બજાર હસ્તક્ષેપ પછી જાપાનીઝ યેન સામે અમેરિકી ડોલર ગગડ્યો

લાંબા સમયથી નબળા ચાલી રહેલા યેનને ડોલર સામે મજબૂત કરવા જાપાન અને અમેરિકાના નિયામકોએ ભેગા મળીને હસ્તક્ષેપ કર્યો

ટ્રમ્પે કહ્યું કે જાપાનને મદદ કરવા આ હસ્તક્ષેપ કરાયો છે અને તેનાથી અમેરિકાને પણ લાભ મળ્યો છે

ટોક્યો, ઓગસ્ટ 3(એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને જાપાનના નાણાં પ્રધાને બંને પક્ષો દ્વારા બજારમાં હસ્તક્ષેપ કર્યાની પુષ્ટિ કર્યા પછી સોમવારે જાપાની યેન સામે અમેરિકી ડૉલર નોંધપાત્ર રીતે નબળો પડ્યો હતો.

ગયા અઠવાડિયાના અંત પહેલાં, ડૉલર 163 યેનથી ઉપર ટ્રેડ થઈ રહ્યો હતો, જે 40 વર્ષની સર્વોચ્ચ સપાટીને સ્પર્શી ગયો હતો. નિયામકો દ્વારા હસ્તક્ષેપ કરાયો હોવાની શંકા બાદ, તે ઘટીને 160 યેનથી નીચે આવી ગયો હતો. સોમવારે વહેલી સવારે, હસ્તક્ષેપની સત્તાવાર જાહેરાત પછી, ડૉલર આશરે 1% ઘટીને 156.34 યેન થયો હતો. વિનિમય દરમાં આ એક મોટો ફેરફાર છે.

ડૉલર સામે યેનની લાંબા સમયથી ચાલી રહેલી નબળાઈ ટોક્યો માટે નિરાશાનું કારણ રહી છે. જાપાન તેના વપરાશની મોટાભાગની ચીજવસ્તુઓની આયાત કરતું હોવાથી, નબળું ચલણ કિંમતોમાં વધારો કરે છે, જેનાથી ફુગાવો વધે છે. આ વર્ષની શરૂઆતમાં ડૉલર સામે યેનનું મૂલ્ય વધારવાના પ્રયાસોથી વિનિમય દરમાં ખાસ કોઈ સુધારો થયો ન હતો. ગયા અઠવાડિયે, અમેરિકી પક્ષ દ્વારા મદદ કરવામાં આવી હોવાની શંકા હતી. વોશિંગ્ટન કેમ મદદ કરી રહ્યું છે તેવું પૂછવામાં આવતાં, ટ્રમ્પે રવિવારે કહ્યું હતું કે, જાપાન સાથે અમારા સારા સંબંધો છે. આપણે નાણાકીય રીતે ખૂબ જ મજબૂત છીએ અને તેમનો યેન નબળો પડી રહ્યો છે, તેથી તેઓ થોડી મદદ ઈચ્છતા હતા, અને આપણે જાપાન માટે હંમેશાં હાજર છીએ. પર્લ હાર્બરના અપવાદ સિવાય, જાપાન આપણી સાથે ખૂબ સારું રહ્યું છે. ટ્રમ્પે કહ્યું હતું કે આ હસ્તક્ષેપથી અમેરિકાને નાણાકીય લાભ મળ્યો છે અને તેને મિત્રતાનો સંકેત ગણાવ્યો હતો. ટોક્યોમાં, નાણાં પ્રધાન સતસુકી કાતાયામાએ હસ્તક્ષેપની પુષ્ટિ કરતું નિવેદન બહાર પાડ્યું હતું, જેમાં જણાવવામાં આવ્યું હતું કે નાણાં મંત્રાલયે યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના સમન્વય સાથે યેનની ખરીદી કરી હતી.

શેરબજારમાં મંદીના માહોલ વચ્ચે પણ મ્યુચ્યુઅલ ફંડ્સનું પોઝિટિવ વળતર

સેન્સેક્સ-નિફ્ટીએ બે વર્ષમાં રોકાણકારોને નિરાશ કર્યા, પણ મ્યુચ્યુઅલ ફંડોએ ડબલ ડિજીટમાં વળતર આપ્યું

મુંબઈ, તા. 3: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલના લીધે ભારતીય શેરબજાર માટે છેલ્લા બે વર્ષ સરળ રહ્યા નથી, પણ કેટલાક મ્યુચ્યુઅલ ફંડોએ સારૂં પ્રદર્શન કર્યુ હતું, અને રોકાણકારોને ખુશ થયા હતા, જેના લીધે રોકાણકારોને સુંદર વળતર મળ્યું હતું.

ભારતીય શેરબજારમાં સેન્સેક્સે 2.25 ટકા અને નિફ્ટીએ સીએજીઆના આધારે નેગેટિવ વળતર આપ્યું હતું. જોકે, બજારમાં આ મંદી વચ્ચે કેટલાક મ્યુચ્યુઅલ ફંડસે સારૂં પ્રદર્શન કર્યુ હતું અને રોકાણખારોને બે આંકડાનું વળતર આપ્યું હતું. આવી સ્થિતિમાં તે જાણવું રસપ્રદ છે કે કયાં ફંડસ બજારને હરાવે છે અને તેમના સારા પ્રદર્શન પાછળનું કારણ શું હતું.

જોકે, સારૂં પ્રદર્શન કરનારા મ્યુચ્યુઅલ ફંડોમાં જોઈએ તો મિડકેપ, સ્મોલકે અને મલ્ટીકેપ કેટેગરીના છે. આ ફંડસ સેન્સેકસ અને નિફ્ટી જેવા અગ્રણી શેર પર આધારિત સુચકાંકોથી વિવિધ પ્રકારની કંપનીઓમાં રોકાણ કરે છે. તેમનું પ્રદર્શન ઈન્ડેક્સથી અલગ હતું. હવે સૌથી મોટો સવાલ એ છે કે આ ફંડસના વધુ સારા પ્રદર્શન પાછળના કારણો પૈકી બદલાતા વાતાવરણમાં રોકાણકારોએ સક્રિય અને નિષ્ક્રિય મ્યુચ્યુઅલ ફંડસ વચ્ચે પસંદગી કરવી જોઈએ.

આ ત્રણેય મ્યુ. ફંડસ સેન્સેક્સ અને નિફ્ટી કરતા વધુ સારા છે તેનું સૌથી મોટું કારણ એ છે કે તેઓ જે રીતે રોકાણ કરે છે. ઉલ્લેખનીય છે કે, એફઆઈઆઈ દ્વારા ભારે વેચાણની સૌથી મોટી અસર લાર્જકેપ શેરો પર પડી હતી. સેન્સેકસ અને નિફ્ટીમાં મોટા શેરોનું વર્ચસ્વ હોવાથી તેની સુચકાંકો ઉપર વધુ અસર પડી હતી. બીજી તરફ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તેની અસર ઓછી થઈ હતી.

IPO મુલતવી રાખતા જ ઝેપ્ટો અનલિસ્ટેડ માર્કેટમાં ભારે અફરાતફરી

ઝેપ્ટોનો શેર છેલ્લા પાંચ દિવસમાં 23 ટકા તૂટ્યો, જે ઓલટાઇમ હાઇથી 60 ટકા નીચે બોલાયો

મુંબઈ, તા. 3: અનલિસ્ટેડ બજાર એટલે કે ગ્રે માર્કેટમાં ક્વિક કોમર્સ પ્લેટફોર્મ ઝેપ્ટોના અનલિસ્ટેડ શેરમાં મોટો ઘટાડો થયો છે. છેલ્લા પાંચ ટ્રેડિંગ સેશનમાં ઝેપ્ટોના શેરમાં 23 ટકાનો ઘટાડો થયો છે. કંપનીએ તેના આઈપીઓ થોડા સમય માટે મુલતવી રાખ્યા પછી ગ્રે માર્કેટમાં તેનું મુલ્યાંકન ઘટીને 3.5 અબજ ડોલર થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે, ઝેપ્ટોના અનલિસ્ટેડ શેર તેમની વિક્રમી ઉંચાઈએથી લગભઘ 60 ટકા ઘટ્યા છે.

ગ્રે માર્કેટના વેપારીઓના જણાવ્યા અનુસાર ઝેપ્ટોના અનલિસ્ટેડ શેરના જથ્થાબંધ ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે. અનલિસ્ટેડ માર્કેટમાં ઝેપ્ટોનો શેર એક અઠવાડિયા પેહલા રૂ. 35થી ઘટીને રૂ. 27 પર આવી ગયો છે. લગભગ એક મહિના પહેલા આ શેર 38 રૂપિયાની આસપાસ ટ્રેડ કરી રહ્યો હતો.

ડિસેમ્બર 2025ની ટોચ પર ઝેપ્ટોના અનલિસ્ટેડ શેર શેરદીઠ રૂ. 68ની આસપાસ પહોંચ્યા હતા. એટલે કે આ શેર તેના અત્યાર સુધઈના ઉચ્ચત્તમ સ્તરથી લગભગ 60 ટકા ઘટ્યો છે. ઝેપ્ટોના અપડેટ કરેલા ડીઆરએચપીમાં આપવામાં આવેલા સંપુર્ણ પાતળા શેરની ગણતરીના આધારે કંપનીના માર્ખેટ કેપ લગભગ રૂ. 34000 કરોડ એટલે કે રૂ. 27ની વર્તમાન કિંમતે લગભગ 3.6 અબજ ડોલર થઈ ગઈ છે. ગત મહિને જ્યારે શેરની કિંમત રૂ. 38 હતી, ત્યારે તેનું ગર્ભિત મુલ્યાંકન 5 અબજ ડોલર હતું. તે જ સમયે, તેનું મુલ્યાંકન ડિસેમ્બર 2025ની સર્વકાલિન ઉંચી સપાટીએ 9 બિલિયન ડોલરની નજીક પહોંચ્યું હતું. ઓકટોબર-નવેમ્બર 2025માં સિરીઝ એચ ફંડિગ રાઉન્ડ દરમ્યાન શેર એક્વિઝિશનની સરેરાશ